GJVD020517062026

**મહે. ૨૭માં એડીશ્નલ ચીફ જ્યુડશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વડોદરા.**

ફોજદારી કેસ નંબર : ૪૮૯૫૨–૨૦૨૬
આંક :

ફરિયાદી :– સરકારશ્રી
વિ.
આરોપી :–

**ગુનો :– બી.એન.એસ.ની કલપ–૨૨૩ (જુના કાયદાની કલમ ૧૮૮)**

---

**:: ઠરાવ ::**

૦૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ........ ના રોજ કલાક ........ વાગ્યાના સુમારે મોજે ગામ : ................... ખાતે (ચાર્જ–શીટમાં જણાવ્યા મુજબ) મહે. જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૨૨૩ (જૂના કાયદાની કલમ – ૧૮૮) મુજબની સજાને પાત્ર ગુનો કરેલો અને તે અંગેનું ચાર્જ–શીટ રજૂ કરેલ છે.

૦૨. આ કામના આરોપી(ઓ) ને પ્રોસેસ બજતાં તેઓ અંત્રેની અદાલતમાં હાજર થયેલા છે. આરોપી(ઓ)ને પેપર્સ ની નકલો આપેલી છે. આંક–....... થી આરોપી(ઓ) ની પ્લી રેકર્ડ કરતાં આરોપી(ઓ) એ ગુનો પોતાની સ્વૈચ્છાએ અને કોઈના કોઈપણ જાતના દબાણ કે ધાક–ધમકી વગર કબૂલ કરતા હોવાનું જણાવેલ છે. આરોપી(ઓ)એ રજૂઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પહેલો ગુનો છે, ગરીબ–વર્ગના માણસ છે, કોઈ ગુનાહીત વૃતિવાળા માણસ નથી અને કુટુંબના ભરણ–પોષણની જવાબદારી છે તેથી ન્યૂનતમ સજા કરવા વિનંતી કરેલી છે. આ સંજોગોમાં **નામ. ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.–૭૦૯, "સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરિચન્દ્રજી ઠાકોર"** ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલો છે કે,

જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકત ને ધ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાના પાન નં.૭૨૧ ઉપર પેરા–૨૧માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં, ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી, આરોપીની સ્થિતિ, આરોપીએ ગુનાની કરેલ સ્વેચ્છાએ કબૂલાત તથા પુરશીશ, પ્લી ધ્યાનમાં લેતાં કાયદાએ સૂચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે, તેથી ઓછા માં ઓછી સજા/દંડ કરવો જોઈએ તેમ હું નમ્ર પણે માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છુ.

**–: હુકમ :–**

૧) આ કામના આરોપી(ઓ)ને બી.એન.એસ.એસ., ૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે **બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૨૨૩ (જુના કાયદાની કલમ – ૧૮૮)** મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી દરેક આરોપીને **રુ.૫૦૦/– (અંકે રુપિયા પાંચ સો પુરા)** નો દંડ કરવામાં આવે છે. આરોપી (ઓ) જો દંડની રકમ ન ભરે તો **દિન–૩** ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

૨) આરોપી(ઓ)એ **બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૧** ની જોગવાઈનું પાલન કરવું. જે જામીનનો અમલ હુકમ થયેથી છ માસ સુધી ચાલુ રહેશે.

આજરોજ આ હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– વડોદરા.
તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬

(મિતેશ બી. મહેતા)
૨૭માં એડી. ચીફ જ્યુડી. મેજી.,
વડોદરા.
કોડ: જીજે–૦૧૩૭૬